# ૧૦.૮ શત્રુંજયની યાત્રાઓનું મહત્વ

ધર્મક્રિયાનું ફળ ઉલ્લાસના આધારે મળે છે. ઉલ્લાસ વિના ધર્મક્રિયા કરવાથી તેનું યથાર્થ ફળ મળતું નથી. આથી દરેક ધર્મક્રિયા ખૂબ ઉલ્લાસથી કરવી જોઈએ. ધર્મક્રિયામાં જેમ ઉલ્લાસ વધારે તેમ ફળ વધારે. ધર્મમાં ફળનો આધાર બાહ્ય ક્રિયા નહિ, કિંતુ આંતરિક ઉલ્લાસ છે. ક્રિયા જેમ વધારે, તેમ ફળ વધારે એમ નહિ, કિંતુ ધર્મક્રિયામાં જેમ ઉલ્લાસ વધારે તેમ ફળ વધારે.

ધર્મક્રિયાઓમાં કોન્ટીટી (સંખ્યા)નું મહત્ત્વ નથી, કિંતુ ક્વોલિટીનું (=ગુણવત્તાનું) મહત્ત્વ છે. ધર્મક્રિયાઓ કેટલી કરી એના કરતા કેટલા ભાવોલ્લાસથી કરી એનું મહત્ત્વ વધારે છે. ભાવોલ્લાસમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પ્રસ્તુત શત્રુંજય તીર્થનું ક્ષેત્ર એટલું બધું પવિત્ર છે કે જેથી ત્યાં આવનારમાં શુભ ભાવોની વૃદ્ધિ થાય છે. બીજા ક્ષેત્રમાં જેટલા ભાવ વધે તેના કરતાં શત્રુંજય તીર્થમાં અધિક ભાવો વધે એ આરાધકોને અનુભવ સિદ્ધ છે. શત્રુંજય તીર્થમાં દાન, જાત્રા અને તપશ્ચર્યા કરવાનો ભાવ વધે છે, એટલું જ નહિ, પણ કઠીન પણ તપશ્ચર્યા આ તીર્થમાં વિશેષ કષ્ટ વિના કરી શકાય છે એવી અનેક તપસ્વીઓને અનુભૂતિ થાય છે. શત્રુંજય તીર્થમાં અધિક ભાવવૃદ્ધિ થાય છે. આથી જ શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાં કહ્યું છે કે- 'બીજા તીર્થોમાં જપ, તપ, નિયમ, દાન અને સ્વાધ્યાય કરવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે તેથી દશગણું જૈન તીર્થોમાં તે તે કાર્યો કરવાથી થાય છે. તેનાથી અનંતગણું પુણ્ય શત્રુંજય તીર્થના દર્શનમાત્રથી થાય છે.'

આ ક્ષેત્ર અનાદિકાળથી એટલું બધું પવિત્ર છે કે જેથી ત્યાં આવનારાના અશુભ વિચાર-વાણી-વર્તન નાશ પામે છે, અને શુભ વિચાર-વાણી-વર્તન જાગ્રત થાય છે. આમેય વસતિ વિનાના પર્વતો પ્રાયઃ કરીને પ્રદૂષણોથી મુક્ત હોય છે, તેમાંય વળી જે પર્વત ઉપર એક એક કાંકરે અનંત આત્માઓ ભવ્ય સાધના કરીને મુક્તિપદ પામ્યા હોય તે પર્વત સર્વાધિક પવિત્રતમ હોય તેમાં તો શું કહેવું ? માટે જ કહ્યું છે કે - તીર્થેષુ શત્રુંજજયઃ= સર્વતીર્થોમાં શત્રુંજય શિરોમણિ તીર્થ છે.

ર્કાિતકી પૂનમની યાત્રા

ચોમાસું પૂર્ણ થયા પછી પહેલી જાત્રા શત્રુંજય તીર્થની કાર્તિકી પૂનમના દિવસે યાત્રા કરવાથી વિશેષ લાભ થાય છે. કારણ કે આ દિવસે દ્રાવિડ અને વારિખિલ્લ દશ ક્રોડ મુનિઓની સાથે આ તીર્થ ઉપર મુક્તિ પામ્યા છે.

શ્રી ઋષભદેવ ભગવાનના સો પુત્રો હતા. તેમાં દ્રવિડ નામે એક પુત્ર હતો. તેના દ્રાવિડ અને વારિખિલ્લ નામે બે પુત્રો હતા. દ્રવિડે મોટા પુત્ર દ્રવિડને મિથિલાનગરીનું રાજય આપ્યું, અને નાના વારિખિલ્લને એક લાખ ગામો આપ્યા. પછી શ્રી આદિશ્વર ભગવાન પાસે દીક્ષા લીધી. દ્રાવિડ નાનાભાઈને સંપત્તિની અધિક જોઈને ઈર્ષ્યાથી બળવા લાગ્યો તેનાથી નાનાભાઈની ઉન્નતિ સહન ન થઈ.ે આથી તેના ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. વારિખિલ્લને આની ખબર પડતા તે પણ મોટાભાઈ ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. બંને પરસ્પર દ્વેષભાવવાળા થઈને એકબીજાનું રાજય પડાવી લેવાની તક શોધવા લાગ્યા. વારિખિલ્લે મિથિલા નગરીમાં પોતાનો નિવાસ કર્યો. આથી દ્રાવિડે તેને કહ્યું ઃ તારે મારા નગરમાં રહેવું નહિ. આથી વારિખિલ્લ ગુસ્સામાં આવીને તત્કાળ પોતાના નગરમાં ચાલ્યો ગયો. પણ મોટાભાઈએ કરેલા અપમાનનો બદલો વાળવા સૈન્યસહિત લડવા માટે આવ્યો. નાનો ભાઈ લડવા આવે છે એ સાંભળીને દ્રાવિડ પણ સૈન્ય લઈને નગરની બહાર આવ્યો. બંને વચ્ચે ખુંખાર લડાઈ થઈ. લગાતાર સાત મહિના સુધી યુદ્ધ ચાલ્યું. તેમાં બંને પક્ષાના મળીને દશક્રોડ સુભટોનો નાશ થયો. હાથી ઘોડા વગેરે પશુઓનો પણ ક્રોડોની સંખ્યામાં વિનાશ થયો.

પછી વર્ષાકાળ આવવાથી લડાઈ બંધ થઈ. વર્ષાકાળ પૂર્ણ થતાં એક વખત દ્રાવિડ ખીલેલી વનરાજીને જોવા મંત્રી આદિ પરિવાર સહિત ફરવા નીકળ્યો. વનરાજી જોતાં જોતાં બધા તાપસોના આશ્રમની નજીક આવ્યા. મંત્રીની પ્રેરણાથી દ્રાવિડ રાજા તાપસોના આશ્રમમાં ગયો. બધાએ તાપસોના કુલપતિને પ્રણામ કર્યા. કુલપતિએ આશીર્વાદ આપ્યા. પછી અનુગ્રહ બુદ્ધિથી હિતોપદેશ આપ્યો. અત્યારે બંને ભાઈઓ યુદ્ધના મોરચે રહેલા છે એવો કુલપતિને ખ્યાલ હતો. આથી પ્રસંગને અનુરૂપ ઉપદેશ આપતા કહ્યું કે- ‘હે રાજન ! રાજય નરકને આપનારું છે. આથી રાજયલોભથી યુદ્ધ કરવું એ ઉચિત નથી. તેમાં પણ ભાઈ સાથે યુદ્ધ કરવું એ તો તમારા જેવા માટે ઘણું જ અનુચિત ગણાય. તમે યુગાદીશના પૌત્ર છો.

તમે તમારા પૂર્વજોનો જરા વિચાર કરો. તમારા દાદાએ રાજય છોડ્યું, પિતાએ પણ રાજય છોડ્યું. જો રાજય અનર્થનું કારણ ન હોત તો તમારા દાદા અને પિતા રાજય શા માટે છોડત ? તમારા દાદાએ અને પિતાએ તણખલાની જેમ રાજયનો ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કર્યો અને તમે બે બંધુઓ પૃથ્વીના ટુકડા માટે લડો એ કેટલું શરમ ભરેલું ગણાય !

કુલપતિનો ઉપદેશ દ્રાવિડના હૈયા સુધી ઉતરી ગયો. વિવેકદૃષ્ટિ ખૂલી ગઈ. આથી પોતાની ભૂલ સમજાઈ. હૃદયમાં ભૂલ બદલ ખૂબ પરિતાપ થયો. પ્રતિબોધ પમાડનાર કુલપતિનો ઉપકાર માન્યો. પછી તુરત નાનાભાઈને ખમાવવા માટે ચાલ્યો. મોટાભાઈને એકલા આવતા જોઈને વારિખિલ્લ તેમની સામે આવ્યો, મોટાભાઈના પગમાં પડ્યો. દ્રાવિડે તેને બે હાથથી ઊભો કરીને સ્નેહથી આલિંગન કર્યું. બંનેની પરસ્પર પ્રેમભરી આંખો મળી. જે આંખોમાંથી અત્યાર સુધી વેરરૂપ અગ્નિના અંગારા વરસતા હતા, તે આંખોમાંથી હવે પ્રેમરૂપ અમૃત વહેવા લાગ્યું. બંનેની આંખોમાં ઝળહળિયાં આવી ગયા. વર્ષો પછી બંને ભાઈઓને લડાઈના સ્થાનમાં પ્રેમથી મળતા જોઈને લોકો વિસ્મય પામ્યા.

રોતાં રોતાં નાનાભાઈએ મોટાભાઈને ક્ષમાની યાચના કરતા કહ્યું ઃ ‘હે બંધુ ! યુદ્ધ માટે આપની સામે આવીને મેં કુબંધુપણું બતાવ્યું તે બદલ મને ક્ષમા આપો. મોટાભાઈનું હૈયું ખૂબ ભરાઈ આવ્યું. બોલવા માગે છે પણ બોલી શકાતું નથી. જેમ તેમ કરીને બોલ્યા ઃ વારિખિલ્લ ! આમાં તારી જરાય ભૂલ નથી. મારી જ ભૂલ છે. હું ઈર્ષ્યાથી તારી ઉન્નતિ સહન કરી શક્યો નહિ. આથી આપણી વચ્ચે વેર થવાનું મૂલ કારણ હું છું. આથી તું મને એની ક્ષમા આપ. તને ખમાવવા માટે જ હું અહીં આવ્યો છું. આમ બંનેએ પરસ્પર દિલથી ક્ષમાપના કરી.’

પછી વારિખિલ્લે દ્રાવિડને કહ્યું ઃ હે વડિલબંધુ ! હવે આ બંને રાજયનો આપ સ્વીકાર કરો. દ્રાવિડે કહ્યું ઃ અત્યાર સુધી હું અજ્ઞાનરૂપ અંધકારમાં અથડાતો હતો, પણ હવે મને જ્ઞાનરૂપ પ્રકાશ મળી ગયો છે. આથી હવે મારું રાજય પણ મારે જોઈતું નથી તો તું બંને રાજયની વાત ક્યાં કરે છે ! મારું મન હવે ત્યાગ માર્ગે જવા ઉત્કંઠિત બન્યું છે. હવે તું જ બંને રાજયનો સ્વીકાર કર. વારિખિલ્લ બોલ્યો ઃ તો પછી મારે પણ આ રાજયથી સર્યું. જે માર્ગે આપ ચાલવા તૈયાર થયા છો એ જ માર્ગે હું પણ આપની સાથે જ

ચાલીશ. પછી બંનેએ પોતપોતાના પુત્રને રાજય આપીને દશ ક્રોડ પુરુષોની સાથે તે કુલપતિની પાસે તાપસ વ્રતનો સ્વીકાર કર્યો. બધા કંદમૂલ વગેરેનો આહાર કરતા હતા. ગંગાનદીમા સ્નાન કરતા હતા. શ્રી આદિનાથનો જાપ અને ધર્મકથા વગેરેથી દિવસો પસાર કરતા હતા. આ પ્રમાણે લાખ વર્ષ સુધી ત્યાં રહીને સાધના કરી.

એક વખત નમિ-વિનમિના વિદ્યાધર બે શિષ્યો વિદ્યાના બળે આકાશમાં ઊડી ત્યાં આવ્યા. દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે તાપસોએ તેમને પ્રણામ કર્યા. મુનિઓએ બધાને ધર્મલાભ આપ્યો. પછી દ્રાવિડે પૂછયું ઃ હે ભગવન ! આપ ક્યાં પધારી રહ્યા છો ? મુનિઓએ જવાબ આપ્યો ઃ અમે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવા જોઈએ છીએ. દ્રાવિડે શત્રુંજય તીર્થનું માહાત્મ્ય પૂછયું એટલે મુનિઓએ તેમને શત્રુંજયનું માહાત્મ્ય જણાવ્યું. શત્રુંજયનું અનુપમ માહાત્મ્ય જાણીને બધા તાપસો તીર્થની યાત્રા કરવા ઉત્કંઠિત બન્યા. આથી બધા તાપસોએ મુનિઓની સાથે શ્રી શત્રુંજય તરફ ચાલવા માંડ્યું. મુનિઓએ તેમને સાધુ ધર્મનો ઉપદેશ આપ્યો. આથી તેમણે તાપસવ્રતનો ત્યાગ કરી સાધુઓના પાંચ મહાવ્રતો સ્વીકાર્યા.

અનુક્રમે બધા શ્રી શત્રુંજય પાસે આવી પહોંચ્યા. તીર્થ જોઈને બધા ખૂબ હર્ષિત બની ગયા. ત્યાં શ્રી આદિનાથ આદિના બિંબોના દર્શન કર્યા. બધાએ માસખમણ કર્યું. માસખમણના અંતે વિદ્યાધર મુનિઓએ તેમને કહ્યું ઃ આ તીર્થની સેવાથી તમારા બધાનાં અનંતકાળથી એકઠાં થયેલાં બધાં કર્મોનો ક્ષય થઈ જશે. આથી તમે બધા સંયમ-તપમાં તત્પર બનીને અહીં જ રહો. આમ કહીને વિદ્યાધર મુનિઓ બીજે ચાલ્યા ગયા.

દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે દશક્રોડ મુનિઓ ત્યાં રહીને વિવિધ પ્રકારનો તપ વગેરે સાધના કરવા લાગ્યા. અંતે માસખમણ કરીને ર્કાિતક સુદ પૂનમના દિવસે નિર્વાણ પામ્યા. ભરતચક્રવર્તીના નિર્વાણ પછી પૂર્વકઢરોડ વર્ષો જતાંં આમનું નિર્વાણ થયું. આમ ર્કાિતક પૂનમના દિવસે શ્રી શત્રુંજય તીર્થ ઉપર દ્રાવિડ અને વારિખિલ્લ દશ ક્રોડ મુનિઓ સાથે મુક્તિએ ગયા હોવાથી ર્કાિતક સુદ પૂનમના દિવસે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાથી વિશેષ લાભ થાય. આ દિવસે તપ વગેરે ધર્મ કરવાથી વિશેષ ફળ મળે.

આસો પૂનમનો મહિમા

શ્રી નેમિનાથ ભગવાનના સમયની વાત છે. જરાકુમારના મુખથી દ્વારિકાના દાહનો અને કૃષ્ણની સ્થિતિનો  વૃત્તાંત સાંભળીને પાંચ પાંડવોને વૈરાગ્ય થયો છે. આથી પાંડવો દીક્ષા લેવાની ભાવનાવાળા થયા છે. આથી શ્રી નેમિનાથ ભગવાનના આગમનની રાહ જોવા લાગ્યા. ભગવાને પાંડવોને પ્રતિબોધ પમાડવા હસ્તિનાપુર મોકલ્યા છે. શ્રી ધર્મઘોષસૂરિ હસ્તિનાપુર પધાર્યા એટલે પાંડવો વંદના કરવા અને ધર્મોપદેશ સાંભળવા ગયા છે. આચાર્ગ ભગવંતે કહ્યું ઃ પૂર્વભવમાં તમે પાંચેય બંધુઓ હતા. ચારિત્ર લઈને સમાધિથી મરીને અનુત્તર દેવ થયા હતાં. ત્યાંથી ચ્યવીને હમણાં પાંડુપુત્રો થયા છો. પછી પુત્રને રાજયગાદી ઉપર સ્થાપિત કરીને દ્રૌપદી અને કુંતી સહિત પાંડવોએ દીક્ષા લઈ સંયમની સુંદર આરાધના કરવા લાગ્યા. એકવાર પાંડવોએ ગુરુ મહારાજને પૂછ્યું. જો આપની અનુજ્ઞા હોય તો અમારી શ્રી નેમિનાથપ્રભુને વંદન કરવા જવાની ભાવના છે. ગુરુએ અનુજ્ઞા આપી. પછી પાંડવોએ પૂછયું ઃ હમણાં પ્રભુજી ક્યાં બિરાજમાન છે ? ગુરુએ કહ્યું ઃ નિર્વાણ સમયને નજીક જાણીને હમણાં રૈવતક પર્વત ઉપર પધાર્યા છે. પાંડવોએ પ્રભુને વંદન કરવા તે જ દિવસે રૈવતક પર્વત ઉપર પધાર્યા છે. પાંડવોએ પ્રભુને વંદન કરવા તે જ દિવસે રૈવતક તરફ વિહાર કર્યો. માસખમણના પારણાના દિવસે હસ્તિકલ્પનગરે આવ્યા. નગરમાં પ્રવેશ કરતી વખતે તેઓ પરસ્પર પ્રીતિથી કહેવા લાગ્યા કે રૈવતક (ગિરનાર) અહીંથી ૧૨ યોજન દૂર છે. આપણે કાલે પ્રાયઃ ત્યાં પહોંચી જઈએ. જેથી પારણું આજે ન કરતાં આવતીકાલે પ્રભુજીનાં દર્શન કરીને કરવું, એવો અભિગ્રહ લીધો. પછી થોડી જ વારમાં સાંભળ્યું કે પ્રભુજી નિર્વાણ પામ્યા. પછી ત્યાંથી સીધા સિદ્ધાચલ આવીને અનશન સ્વીકાર્યું. આસો સુદ-પૂનમના દિવસે સર્વ કર્મનો ક્ષય કરીને વીસ ક્રોડ મુનિઓની સાથે મુક્તિપદને પામ્યા. આ દિવસે કુંતિમાતા પણ મુક્તિપદને પામ્યા અને દ્રૌપદી પાંચમા દેવલોકે ગઈ. આ રીતે પૂનમના દિવસે શત્રુંજયનું શરણું સ્વીકારી ૨૦ ક્રોડ મુનિવરોએ આત્મ કલ્યાણ સાધ્યું.

ફાગણ સુદ તેરશની યાત્રા

સમસ્ત જૈનોમાં શત્રુંજયની યાત્રાનું ઊંચું મહત્ત્વ સ્વીકારેલું છે. જયાં અનંતા મુનિવરો મોક્ષે ગયા છે. જયાં પાપી આત્માઓ પણ પાવન બની શ્રેયઃ સાધે છે. તિર્થંચો અને પશુ-પંખીઓ પણ સદ્ગતિને પામે

છે તેવા શત્રુંજય ગિરિરાજની ૩ યાત્રાઓનું સવિશેષ મહત્ત્વ છે. તે પૈકી ફા.સુ.૧૩નું અતિ મહત્ત્વ એટલા માટે છે કે શ્રી ભગવાન નેમિનાથના શાસનકાળમાં શ્રી કૃષ્ણ મહારાજાના પુત્ર શાંબ અને પ્રદ્યુનકુમાર આદિ સાડા આઠ કરોડ મુનિવરો સાથે મોક્ષે પધાર્યા છે. તે ભાડવાના ડુંગર ઉપર અનશન સ્વીકારી છેલ્લે સિદ્ધિગતિને પામ્યા છે. આ પવિત્ર જગ્યા ઉપર સાધનાના પવિત્ર પરમાણુઓ પથરાયેલાં છે.

ગામે ગામના ચર્તુિવધ શ્રી સંઘ વિશાળ સંખ્યામાં છ ગાઉની યાત્રા કરવા પધારે છે. વહેલી સવારથી તળેટી ચડવાનું ચાલુ કરી મોટી પોળ આદિનાથ દાદાના દર્શન-વંદન કરીને રામપોળની બારીથી નીકળી આપણી જમણી બાજુએથી ઉતરવાનું ચાલુ કરે છે અને ત્યાં શરૂમાં જ સોખરી નામની ટેકરી છે. તેના ઉપર દેવકીજીના છ પુત્રોની દેરી છે. ત્યાં નમસ્કાર કરી, આગળ ચાલતાં- અડધો ગાઉં ગયા પછી ઉલકાજલ નામનું સ્થાન આવે છે. ત્યાં દાદાના પ્રક્ષાલનું પાણી આવે છે અને ત્યાં આદિનાથ પ્રભુના પગલાં નાની- દેરીમાં છે. ત્યાંથી આગળ પોણો ગાઉં ચાલતાં ચંદન (ચિલ્લાણ) તલાવડી આવે છે. આ સ્થાને શ્રી અજીતનાથ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાનના પગલાની બે દેરીઓ છે. આ સ્થાને દંતકથા પ્રમાણે બંને ભગવંતો ચોમાસું રહ્યા હતા. તેની યાદગીરી માટે સામ સામે દેરીઓ સ્થાપન કરેલી હતી. પરંતુ કાળક્રમે શ્રી નંદીર્ષણ મુનિ આ ગિરિરાજની જાત્રા માટે આવ્યા અને તેઓ ચૈત્યવંદન કરવા બેઠાં ત્યારે દેરીને પુંઠ થતાં આશાતનાના ભયે, તેઓએ બંને પરમાત્માની શુદ્ધ ભાવથી સ્તુતિ કરી અને બંને દેરીઓ ખસીને જોડે જોડે થઈ ગઈ એવું સંભળાય છે.

ત્યાં યાત્રિકો ચૈત્યવંદન અને ૧૨-૯-૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી આગળ વધે છે અને પછી માઈલ જેટલું ચાલતા ભાડવો ડુંગર આવે છે અને આ શિખર પર ફાગણ સુદ-૧૩ની જાત્રાનું મહત્વ રહેલું છે. અહીં પણ ચૈત્યવંદન/કાઉસ્સગ્ગ કરવાનો હોય છે અને એવો ધન્ય દિવસ ક્યારે આવે કે આપણને પણ આ સિદ્ધભૂમિ ઉપર અનશન કરી મોક્ષે જવાનું બને.

ચૈત્રી પૂનમની યાત્રા

શ્રી ઋષભદેવસ્વામીના પ્રથમ ગણધર શ્રી પુંડરીકજી ચૈત્રી પૂનમને દિવસે એ પર્વત ઉપર મોક્ષે ગયા જેથી એ પર્વતનું નામ પુંડરીકગિરી કહેવાય છે.

એકવાર શ્રી ઋષભદેવસ્વામી છદ્મસ્થપણે વિહાર કરતાં પુરિમતાલની સમીપે શુકલમુખ ઉદ્યાનમાં આવ્યા છે. ત્યાં પ્રભુને કેવલજ્ઞાન ઊપન્યુ છે. ત્યારે ઈન્દ્રાદિક દેવોએ મળી સમવસરણની રચના કરી છે. સેવકે આવી ભરત રાજાને પ્રભુને થયેલા કેવલજ્ઞાનની વધામણી આપી છે. તે સાંભળી ભરત રાજા ઘણો હર્ષ પામ્યા છે.

તે વખતે ભરત રાજા વિનય-વિવેક સાચવી ત્રણ પ્રદક્ષિણા દઈ વિધિપૂર્વક વંદના કરી યથાયોગ્ય સ્થાનકે બેઠા છે. ત્યાં ભગવાને ધર્મોપદેશ દીધો. તે સાંભળી ભરત રાજાએ શ્રાવકનો ધર્મ આદર્યો, અને ભરતના પુત્ર ઋષભસેન જેમનું જ બીજું નામ પુંડરીક હતું, તેમણે બીજા ઘણા પુત્ર પૌત્રાદિક સાથે ચારિત્ર લીધું હતું. ભગવાને ચર્તુિવધ સંઘની સ્થાપના કરી, ચોરાશી ગણધર સ્થાપ્યા, તેમાં પ્રથમ ગણધર શ્રી પુંડરીકજીને થાપ્યા.

હવે પુંડરીક ગણધર શ્રી ઋષભદેવજીની સાથે શુદ્ધ ચારિત્ર પાલતા વિચરવા લાગ્યા. કેટલાક કાલ પછી ભગવાન સર્વ પરિવાર સહિત શ્રી સિદ્ધાચલતીર્થે રાયણવૃક્ષ તળે સમોસર્યા. ત્યાં ઈન્દ્રાદિક દેવતા વંદવા આવ્યા. તેમની આગળ તથા શ્રી પુંડરીકાદિક મુનીશ્વરોની આગળ શ્રી શત્રુંજય તીર્થનો મહિમા કહ્યો તથા એ તીર્થ ઉપર શ્રી પુંડરીક ગણધરને મોક્ષપ્રાપ્તિ થશે એમ કહ્યું. વળી કહ્યું કે હે ભવ્ય જીવો ! એ તીર્થ અનાદિકાળનું શાશ્વતુ છે. અહીં અનંતા તીર્થંકર, અનંતા મુનીશ્વર કર્મ ખપાવી સિદ્ધિ પામ્યા છે, અને અનંતા પામશે. અભવ્ય જીવ તો પ્રાયઃ એ તીર્થને નજરે પણ ન દેખે. વળીં આ અવર્સિપણીમાં એ તીર્થ વિશેષપણે પુંડરીક એવા નામે પ્રસિદ્ધ થશે. ઈત્યાદિક પ્રકારે તીર્થનો મહિમા કહીને ભગવાને વિહાર કર્યો.

હવે પુંડરીકજી પાંચ કોડી સાધુના પરિવાર સહિત ગ્રામાનુગ્રામ વિહાર કરતા સોરઠ દેશમાં આવ્યા. ત્યાં તેમને વાંદવાને અનેક રાજા, શેઠ, સેનાપતિ પ્રમુખ ઘણા જ લોકો આવ્યા. ગુરુએ પણ યથાયોગ્ય ધર્મદેશના આપી. તે અવસરમાં કોઈક સ્ત્રી ચિંતાતુર થતી થકી મહાદુઃખી એવી પોતાની વિધવા પુત્રીને સાથે લઈને ત્યાં આવી અને પુંડરીક ગણધરને નમસ્કાર કરી પૂછવા વાગી કે, હે મહારાજ ! આ કન્યાએ પૂર્વભવમાં શું પાપ કર્યું હશે, કે જે થકી એનો વિવાહ કરતાં હસ્તમેળાપની વેળાએ જ એનો સ્વામી મરણ પામ્યો ? ત્યારે ચાર જ્ઞાનના ધરનાર ગણધરજી કહેવા લાગ્યા કે હે મહાનુભાવ ! અશુભ કર્મનું જ ફળ

થાય. સર્વ જીવ પોતાનાં જ પૂર્વકૃત શુભાશુભ કર્મનાં ફળ પામે છે, બીજા તો નિમિત્ત માત્ર છે, માટે એના પૂર્વના ભવને હું કહું છુ તે સાંભળ.

જંબૂદ્વીપે પૂર્વ મહાવિદેહે ચંદ્રકાંતા નામની નગરીને વિષે સમરથસિંહ નામે રાજા હતો. તેને ધારણી નામે રાણી હતી. તે જ નગરમાં એક મહાધનવંત પરમશ્રાવક ધનવાહ નામે શેઠ રહેતો હતો. તેને એક ચંદ્રશ્રી અને બીજી મિત્રશ્રી નામે બે સ્ત્રીઓ હતી.

એક દિવસે ચંદશ્રી કામવિકારને વશ થઈ થકી મર્યાદા મૂકી, પોતાની શોક્ય મિત્રશ્રીનો પતિ પાસે જવાનો વારો હતો તેનું ઉલ્લંઘન કરી પોતે સ્વામી પાસે આવી. ત્યારે તેને સ્વામીએ કહ્યું કે આજ તો તારો વારો નથી, માટે મર્યાદા મૂકીને કેમ આવી ? તે સાંભળી ચંદશ્રી કામવશ થતી કહેવા લાગી કે એમાં શાની મર્યાદા ? ત્યારે શેઠે કહ્યું કે, કુલવંતને મર્યાદા છોડવી યુક્ત નહીં. તે સાંભળી ચંદ્રશ્રી અસંતુષ્ટ થઈ રોષે ભરાતી થકી મલિન પરિણામે મુખ વિલખું કરીને મિત્રશ્રી ઉપર ઘણો જ દ્વેષ કરવા લાગી.

કેટલાક દિવસ પછી તે ચંદ્રશ્રીએ પોતાના પિતાને ઘેર આવીને મંત્ર, યંત્ર, તંત્ર, કામણ, ટુંમણ કરીને મિત્રશ્રીના શરીરમાં ડાકણનો પ્રવેશ કરાવ્યો. તેથી મિત્રશ્રીના શરીરની સર્વ શોભા જતી રહી. તે જોઈ સ્વામી પણ મિત્રશ્રીને ત્યાગી ચંદ્રશ્રીને વશ થઈ ગયો. પાછળથી સ્વામીએ પણ કેટલાએક દિવસે તે સ્વરૂપ જાણ્યું, તેથી તેણે ચંદ્રશ્રીને પણ ત્યાગી દીધી. હવે ચંદ્રશ્રી શ્રાવકધર્મ પાલતી થકી પણ તે પાપ ખપાવ્યાં વિના જ મરણ પામીને આ તારી પુત્રીપણે થઈ છે. એણે પૂર્વ ભવમાં મિત્રશ્રીને પતિનો વિયોગ પાડ્યો તેથી એ વિષકન્યા થઈ છે એને સ્વામીનો સ્પર્શ તો દૂર રહ્યો, પણ સ્વામી એનું મુખ જોવાની પણ ચાહના ન કરે એવું કર્મ એને ઉદય આવ્યું છે. એ પૂર્વકૃત કર્મના ઉદયથી દુઃખિયારી થઈ છે માટે કર્મની ગતિ વિચિત્ર છે.

ત્યારે ફરી તેની માતાએ કહ્યું કે, હે સ્વામી ! સ્વામીના વિરહથી પીડાતી થકી આજે એણે વૃક્ષની ડાલને વિષે ફાંસો ખાઈને મરવા માંડ્યું હતું, તેને ફાંસાથી છોડાવીને હું આપની પાસે લઈ આવી છું, માટે આપ કૃપા કરીને એને સર્વ દુઃખથી વિમુક્ત કરનારી એવી દીક્ષા આપો. ગુરુ બોલ્યા કે- આ તારી પુત્રી દીક્ષા

લેવાને અયોગ્ય છે. ત્યારે માતાએ કહ્યું કે હે મહારાજ ! એને જે ધર્મ કરવા યોગ્ય હોય તે બતાવો. ગુરુ બોલ્યા કે હે ભદ્રે ! એને ચૈત્ર શુદ પૂનમનું આરાધન કરાવો, કે જે થકી એના અશુભ કર્મનો વિલય થાય. પછી કન્યાએ કહ્યું કે હે મહારાજ ! તમે મને એનો વિધિ બતાવો. ત્યારે પુંડરીક ગણધર બોલ્યા કે ચૈત્ર સુદ પૂનમને દિવસે શુભ ભાવથી ઉપવાસ કરવો, તથા શ્રી ભગવંતના દેરાસરે જઈ પૂજા કરવી, સ્નાત્ર મહત્સવ કરવો, સર્વ દેરાસરે વાંદવા જવું, ગુરુની પાસે ચૈત્રી પૂનમનું પ્રવચન સાંભળવું, દીન હીન જનોને દાન આપવું, તે દિવસે શિયળ પાલવું, જીવની રક્ષા કરવી, મોતીથી અથવા ચોખાથી પાટ ઉપર વિમલગિરીના સ્થાપના કરીને તેની મોટી પૂજા કરવી, ગુરુની પાસે પાંચે શક્રસ્તવે દેવ વાંદવા. દશ, વીશ, ત્રીશ, ચાળીશ, પચાસ લોગસ્સના કાઉસ્સગ્ગ કરવા. સ્તવન પણ કહેવાં. બે ટંક પડિક્કમણાં કરવાં.

ઈત્યાદિક દિન રાત્રિનાં કતર્વ્ય કરવાં. પછી પારણાને દિવસે મુનિમહારાજને વહોરાવીને પોતે પારણું કરવું. એવી રીતે પંદર વર્ષ તપસ્યા કરવી. તપસ્યા પૂર્ણ થયેથી શક્તિ પ્રમાણે ઉજમણું કરવું. એથી જે દરિદ્રી હોય તે ધનવાન થાય. પુત્ર, કલત્ર, સૌભાગ્ય, યશ, ર્કીિત વધે. દેવતાનાં સુખ અને મોક્ષનાં સુખ પામે. વળી સ્ત્રીને સ્વામીનો વિયોગ ન થાય. રોગ, શોક, વિધવાપણું, મૃતવત્સાપણું ઈત્યાદિ દોષોનો નાશ થાય. વળી વિષકન્યાપણું તથા ભૂત-પ્રેત, શાકિની, ડાકિની આદિકના સર્વ દોષ વિલય પામે. જે પ્રાણી ભાવે કરી ચૈત્રી પૂનમનું આરાધન કરે, તે પ્રાણી મોક્ષનાં સુખ પામે.

એવી પુંડરીક ગણધરની વાણી સાંભળીને તે કન્યા હર્ષવંત થઈ કહેવા લાગી કે હે મહારાજ ! એ તપ હું કરીશ. એમ ગુરુ પાસે તપ અંગીકાર કરી માતા-પિતા સહિત ગુરુને નમસ્કાર કરી પોતાને ઘેર જઈ તે દિવસ આવ્યેથી ચૈત્રી પૂનમનું આરાધન કર્યું. તપ પૂર્ણ કરી ઉજમણું કર્યું. શ્રી સિદ્‌ધાકચલજીની યાત્રા કરી, શ્રી ૠષભદેવસ્વામીનું ધ્યાન ધરતી રહી. છેવટે અનશન કરી આયુ પૂર્ણ થયે સૌધર્મ દેવલોકે દેવતાપણે જઈ ઉપની. ત્યાં દેવતા સંબંધી ભોગ ભોગવી આયુ પૂર્ણ કરી મહાવિદેહને વિષે સુકચ્છ વિજયે વસંતપુર નગરમાં નરચંદ્ર રાજાના રાજયને વિષે તારાચંદ શેઠની તારા નામે ભાર્યાની કૂખે પુત્રપણે ઉપજશે. તેનું નામ પૂર્ણચંદ્ર થશે. તે બહોંતેર કલાએ પરિપૂર્ણ થશે, પંદર કોડી દ્રવ્ય પામશે, પંદર સ્ત્રીઓ અને પંદર પુત્ર

પામશે. ઈત્યાદિક ઘણાં સુખ ભોગવશે. વળી તે ભવમાં પણ ચૈત્રી પૂનમનું આરાધન કરશે. છેવટે જયસમુદ્ર ગુરુની પાસે દીક્ષા લઈ ચારિત્ર પાળી મોક્ષે જશે.

એમ જ ચૈત્રી પૂનમનું તપ કરતાં ઘણા જીવ મોક્ષે ગયા છે. વળી શ્રી કૃષ્ણના પુત્ર શાંબ, પ્રદ્યુમ્ન, દશરથનો પુત્ર ભરત, શુકનામે મુનિરાજ, શૈલકજી, પંથકજી, રામચંદ્ર, દ્રાવિડ રાજા, નવ નારદ, પાંચ પાંડવ એ સર્વશ્રી સિદ્ધાચલ ઉપર મોક્ષે ગયા છે. વળી ચૈત્રી પૂનમને દિવસે ઉપવાસ કરીને જે પ્રાણી શ્રી સિદ્ધાચલ તીર્થની યાત્રા કરે તે પ્રાણી નરક, તિર્યંચની ગતિનો વિચ્છેદ કરે. ચૈત્રી પૂનમને દિવસે માંત્રાક્ષરે પવિત્ર સ્નાત્રજલ ગ્રહણ કરીને ઘરને વિષે છાંટે તેના ઘરમાં મરકી પ્રમુખ ઉપદ્રવ ન થાય. સર્વદા છાંટે છતે પ્રાણી ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા પામે. શુભ ભાવથી આરાધતાં મંગલ માલા વધે. મોક્ષનાં સુખ પામે. શ્રીનંદીશ્વર દ્વીપને વિષે શાશ્વતા ભગવાન પૂજયા થકી જે પુણ્ય થાય, તે થકી અધિક પુણ્ય ચૈત્ર શુદિ પૂનમને દિવસે શત્રુંજય તીર્થ ઉપર ભગવાનની પૂજા કરવાથી થાય. જે મનુષ્ય અન્ય સ્થાનકે રહ્યો થકો પણ ચૈત્રી પૂનમને દિવસે શ્રી ઋષભદેવજીની તથા પુંડરીક ગણધરની પૂજા કરે, તે દેવતાની પદવી પામે અને જો વિમલાચલ ઉપર રહ્યો થકો ભક્તિ કરે, તો ઘણું જ ફલ પામે, તેમાં તો કહેવું જ શું ? તથા ચૈત્રી પૂનમને દિવસે જે દાન આપીએ, તપસ્યા કરીએ, ધ્યાન ધરીએ, સામાયિક કરીએ, જિનપૂજા કરીએ, તે સર્વ ધર્મ કાર્ય, પાંચ કોડી ગુણાં ફલનાં આપનાર થાય. જે પ્રાણી શુદ્ધ વિધિએ ચૈત્રી પૂનમનું આરાધન કરે તે જીવ પોતાને સ્થાનકે બેઠો થકો ભાવના ભાવતો પણ તીર્થયાત્રાનું ફલ પામે છે.